#175

Yes & No..🤔

મિત્રો,

જીવનમાં જ્યારે પણ આપણે કોઈ એક વસ્તુને “હા” કહીએ છીએ, ત્યારે અજાણતા જ બીજી ઘણી વસ્તુઓને “ના” કહી રહ્યા હોઈએ છીએ.

જો તમે આજે સફળતાને “હા” કહો છો, તો તમારે આળસને “ના” કહેવું પડશે.

જો તમે સ્વાસ્થ્યને “હા” કહો છો, તો અનિયમિત જીવનશૈલીને “ના” કહેવી પડશે.

જો તમે પરિવારને “હા” કહો છો, તો ક્યારેક બિનજરૂરી મિટિંગ્સ અને મોબાઇલ સ્ક્રોલિંગને “ના” કહેવું પડશે.

અને જો તમે તમારા સપનાઓને “હા” કહો છો, તો કમ્ફર્ટ ઝોન, બહાનાં અને સમયનો બગાડ — આ બધાને “ના” કહેવું જ પડશે.

યાદ રાખો…

દરેક “હા”ની એક કિંમત હોય છે, અને એ કિંમત ઘણીવાર એક મજબૂત “ના” હોય છે.

તેથી આજે એક પ્રશ્ન જાતને પૂછો:

હું જે જીવન ઇચ્છું છું, તેના માટે હું કઈ વસ્તુને “ના” કહેવા તૈયાર છું?

કારણ કે…

સાચી સફળતા માત્ર યોગ્ય “હા” પસંદ કરવામાં નથી, પરંતુ યોગ્ય સમયે યોગ્ય “ના” કહેવાની હિંમતમાં પણ છે.